લેન્ડ રેફરન્સ કોર્ટ કેસોનોચુકાદો
આવી ગયા બાદની કાર્યવાહી
સત્વરે કરવા/સમીક્ષા કરવા બાબત.

ગુજરાત સરકાર
ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ-એલએઆર/૨૦૧૩/રીવ્યુબેઠક(૧)/ક,૫
સચિવાલય, ગાંધીનગર,
તા.૨/૮/૨૦૧૩.

વંચાણે લીધાઃ-

(૧) તા.૧૨/૭/૧૩ના લેન્ડ રેફરન્સ કોર્ટ કેસોની રીવ્યુ બેઠકની કાર્યવાહી નોંધ.

(૨) ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ ના તા.૧૮/૭/૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ-એલએઆર/ ૨૦૧૩/ જ.સ મીટીંગ/ક,૫

<u>પરિપત્ર</u>

સિંચાઈ વિભાગ હસ્તકની રાજયની નાની ,મોટી, મધ્યમ સિંચાઈ યોજના માટે જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ કલમ-૧૧ હેઠળ ખાનગી જમીન સંપાદન કરવામાં આવે છે. અને જાહેર થયેલ એવોર્ડ મુજબ ખેડૂત ખાતેદોરોને વળતર ચૂકવવામાં આવે છે. આ વળતરની રકમ ઓછી લાગતી હોય, તો તેવા ખાતેદાર કાયદાની કલમ-૧૮ નીચે રેફરન્સ કરતા હોય છે.

૨. નામદારકોર્ટમાં દાખલ થયેલ લેન્ડ રેફરન્સના ચુકાદા આવી ગયા બાદ તેને સ્વીકારવા/પડકારવા અંગે સમય મર્યાદામાં નિર્ણય લેવાનો રહે છે. તે માટે સંપાદક સંસ્થા, નાયબ કલેકટરઅને સરકારી વકીલશ્રીએ પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે તથા આધાર લીધેલ કેસ પડકારવામાં આવેલ છે કે સ્વીકારવામાં આવેલ છે. તેની સ્પષ્ટ વિગતો સાથે નિયત પત્રકોમાં નિયત સમયમર્યાદામાં વિભાગને દરખાસ્ત કરવાની રહે છે.

3. અનુભવે એવું જણાઇ આવેલ છે કે નામદાર જિલ્લા કોર્ટના ચુકાદો આવી ગયા બાદ એક , બે, ત્રણ કે ચારવર્ષ બાદ દરખાસ્ત કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ ૮વર્ષ બાદ ચુકાદો સ્વીકારવાની દરખાસ્ત કરવાના કિસ્સા પણ ધ્યાને આવેલ છે. જેથી નામ. હાઇકોર્ટમાં અપીલ કરવા પાત્ર કેસોમાં પણ અપીલ થઇ શકતી નથી, અથવા અપીલ કરવામાં આવે તો વિલંબના કારણો સહ અપીલ ડીસમીસ થાય છે. સંબંધિત સંપાદક સંસ્થા તથા નાયબ કલેકટરશ્રી જમીન સંપાદન દ્વારા આ બાબતે ખૂબ જ બેદરકારી દાખવવામાં આવે છે. જેને કારણે વ્યાજનું ભારણ વધે છે. જપ્તી વોરંટના /નામ. કોર્ટના આદેશનો અનાદર ના અનેક કિસ્સા ધ્યાને આવેલ છે. જે બાબત વિભાગ માટે તથા વિભાગની નિયંત્રણ હેઠળના સંબંધિત અધિકારી માટે ખૂબજ ક્ષોભનિય બાબત છે. આ બાબતે વિભાગ દ્વારા વખતોવખત અનેક સુચનાઓ આપવામાં આવેલ છે. પરંતુ તેનું ગંભીરતાપૂર્વક પાલન થતું નથી.

૪. લેન્ડ રેફરન્સ કોર્ટ કેસોનો ચુકાદો આવી ગયા બાદ કાયદા વિભાગના તા.૨૬/૬/૧૩ના પરિપત્ર ક્રમાંક:-પરચ/૨૦૦૮/૧/૩૪૮/ક થી નિયત કરેલ પત્રકમાં સંપૂર્ણ વિગતો સાથે સ્પષ્ટ અભિપ્રાય સાથે સમયમયાદામાં દરખાસ્ત કરવામાં આવે તેની ખાસ કાળજી લેવા સંબંધિત અધિકારી/કર્મચારીને વિભાગના તા.૧૮/૭/૨૦૧૩ના પત્રથી સુચના આપવામાં આવેલ છે. અને અધુરી વિગતો સાથે કે સ્પષ્ટ અભિપ્રાય વિના કરવામાં આવેલ દરખાસ્ત સામે સંબંધિત અધિકારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે. તેની પણ નોંધ લેવા આથી સંબંધિત અધિકારી/કર્મચારીને જણાવવામાં આવે છે.

૫. **લેન્ડ રેફરન્સ કેસો તથા જે કેસમાં ચુકાદો આવી ગયેલ હોય પણ નિયત પત્રકો સાથે દરખાસ્ત વિભાગમાં મોકલવાની બાકી હોય તેવા કેસોની સમીક્ષાદર મહિનાની ૫ મી તારીખ સુધીમાં અચૂક કરવામાં આવે તથા આવી સમીક્ષા કર્યા બાદ કાર્યવાહી નોંધ અને પત્રકો સાથે તેનો અહેવાલ વિભાગને રૂબરુમાં ૧૦ મી તારીખ સુધીમાં મોકલવામાં આવે અને આ કાર્યવાહી નિયમિતપણે કરવામાં આવે તેમ વિભાગના નિયંત્રણ હેઠળ અને લેન્ડ રેફરન્સ કોર્ટ કેસોની કાર્યવાહી સંભાળનાર તમામ અધિક્ષક ઇજનેરશ્રીઓને આથી સુચના આપવામાં આવે છે.**

૬. લેન્ડ રેફરન્સ કોર્ટ કેસોની સંપૂર્ણ વિગતો સાથેની , નિયત સમયમર્યાદામાં દરખાસ્ત કરવામાં બેદરકારી દાખવનાર સંબંધિત અધિકારી/કર્મચારી સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે તેની પણ નોંધ લેવા આથી સંબંધિત તમામ અધિકારી/કર્મચારીને સુચના આપવામાં આવે છે.

આ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી પુન:જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેના નામે.

(સુરેશ રાવલ)
સરકારના નાયબ સચિવ
ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ

નકલ રવાના:-

- ખાસ સચિવશ્રી, (જ.સં.) ના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- મુખ્ય ઇજનેરશ્રી(ઉ.ગુ) અને અધિકસચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી(મ.ગુ) અને અધિકસચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી(સૌ) અને અધિકસચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી(પંચાયત) અને અધિકસચિવશ્રી, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેર, સુજલામ સૂફલામ વર્તુળ નં.૧, સ્ટેટ વોટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર.

- **અધિક્ષક ઇજનેર,** સુજલામ સૂફલામ વર્તુળ નં.૨, ગણપત યુનિ. સામે., ખેરવા,મહેસાણા.
- અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ સિંચાઇ યોજના વર્તુળ, એલ.ડી.એન્જી. કોલેજ કમ્પાઉન્ડ, બ્લોક નં.૨, ભોંયતળિયે, નવરંગપુરા, અમદાવાદ
- વડોદરા સિંચાઈ યોજના વર્તુળ, ન્યુ. કોઠી બિલ્ડીંગ, વડોદરા.
- અધિક્ષક ઇજનેર,મહી સિંચાઈ વર્તુળ, મિશન રોડ, રામતલાવડી, સરકારી વસાહત, નડીયાદ.
- અધિક્ષક ઇજનેર, પાનમ યોજના વર્તુળ, સિવિલ લાઇન્સ રોડ, ગોધરા.
- અધિક્ષક ઇજનેર,કડાણા યોજના વર્તુળ, દિવડા કોલોની, તા. કડાણા જિ.પંચમહાલ
- અધિક્ષક ઇજનેર, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ, એસ.૩ જિલ્લા સેવા સદન-૨, ભાવનગર.
- અધિક્ષક ઇજનેર, રાજકોટ સિંચાઇ વર્તુળ, જિલ્લા સેવા સદન-૨ પાસે, રેસકોર્ષ રોડ, રાજકોટ.
- અધિક્ષક ઇજનેર, રાજકોટ સિંચાઇ યોજના વર્તુળ,૨/૫, જિલ્લા સેવા સદન-૨, રાજકોટ.
- અધિક્ષક ઇજનેર, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ,૨/૭, સેવા સદન-૨, રેસકોર્ષ રોડ, રાજકોટ
- અધિક્ષક ઇજનેર, ગાંધીનગર પંચાયત સિંચાઈ વર્તુળ, પાટનગર યોજના ભવન, "સી"બ્લોક , સેકટર -૧૬ બીજો માળ, ગાંધીનગર.
- અધિક્ષક ઇજનેર, વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, કુબેર ભવન, બહુમાળી મકાન, "ઇ'બ્લોક , ૫ મો માળ કોઠી રોડ, વડોદરા.
- અધિક્ષક ઇજનેર, રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળ, ૨/૭, રેસ કોર્ષ રોડ, રાજકોટ.
- અધિક્ષક ઇજનેર, હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, સિંચાઈ ભવન, હિંમતનગર.
-. સેકશન અધિકારીશ્રી, નાણા શાખા ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, ક-શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ક, ક-૨, ક-૩, આઇ, તથા જ શાખા, ન.જ.સં.પા.પુ અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.